## સ્વ અને ઇતરથી અજાણ્યા હોવા / રહેવાની ગૂંગળામણ | વિજય શાસ્ત્રી

[**બીજે ક્યાંક (નવલકથા)** : લેખક : વીનેશ અંતાણી, પ્રકાશક : આર. આર. શેઠની કંપની, મુંબઈ ૪૦૦ ૦૦૨, અમદાવાદ-૩૮૦૦૦૧, પ્રથમ આવૃત્તિ મે, ૨૦૧૦, પૃ. ૧૮૪, કિં. રૂ. ૧૨૫.]

સુધાકર, અવનિ, તેમની દીકરી નમિતા અને ચિત્રકાર સુધાકરની શિષ્યા આશના – આ ચાર મુખ્ય પાત્રોને સંડોવતી પરિસ્થિતિનું નિર્માણ અને નિર્વહણ ‘બીજે ક્યાંક’માં કથારસને જાળવતી રીતિમાં થયું છે. સુધાકર કલાકાર જીવ છે. એમનું વ્યક્તિત્વ લેખકે પ્રયત્નપૂર્વક opaque અપારદર્શક, અસ્પષ્ટ રહે એ રીતનું વિકસાવ્યું છે. ક્યારેક, ક્યાંક તેઓ અર્ધપારદર્શક બની શકે છે પણ તેમને પારદર્શક રૂપમાં કોઈ જોઈ શકતું નથી. બીજાં પાત્રો તો તેમની અકળ વ્યક્તિત્વ-મુદ્રાઓથી સતત મૂંઝાતાં અને તેથી પીડાતાં રહે જ છે પણ લેખકે તેમને પોતાને પણ પોતાનાથી મૂંઝાતા, અકળાતા ઠેર ઠેર દર્શાવ્યા છે. એક સ્થળે (પૃ. ૧૬૫) એમની શિષ્યા આશના તેમને કહે છે કે ‘આટલો બધો મૂંઝારો સારો નહીં.’ સુધાકરનું ભીતર કુણ્ઠિત (અં. stunted) છે. ભીતરમાં જે કંઈ ચાલી રહ્યું છે તેની અભિવ્યક્તિ ન થતી હોય એ તેમની નિયતિ છે. ઑર્તેગાએ નવલકથામાં પાત્રાલેખન પર ભાર મૂક્યો હતો તો બર્નાર્ડ બર્ઝોન્ગી જેવા પરિસ્થિતિ પર ભાર મૂકે છે. બંને અભિપ્રાયો અંતિમે જઈને ઉચ્ચારાયા હોય એમ લાગે કેમકે કથાસૃષ્ટિની ધરી પાત્ર અને પરિસ્થિતિ ઉભયના રાસાયણિક સામંજસ્યની બનેલી – બનતી હોય છે. પરિસ્થિતિ ભિન્ન ભિન્ન આકારો ધારણ કરતી રહે. Amorphic Situation પાત્રોને પણ વિચિત્ર રીતે વર્તવા પ્રેરે, મજબૂર કરે એ વાત સુધાકરના પાત્રસંદર્ભે વધુ બંધબેસતી થાય છે. તેમણે અવનિ સાથે પ્રેમલગ્ન કર્યાંને સાડાત્રણ દાયકા વીતી ગયા છે અને આ સમયના ભારે તેમના સંબંધોની મુગ્ધતા અને તાજગી સૂકવી દીધાં છે. વક્તને કિયા ક્યા ઓ હંસી સિતમ; તુમ રહે ન તુમ, હમ રહે ન હમ ! અવનિને તેની સંસ્થામાં વધુ ને વધુ રસ પડતો રહે અને સુધાકરને પોતાનાં ચિત્રોમાં. આ પ્રકૃતિ અને પ્રવૃત્તિનો તફાવત તેમને પરસ્પરથી દૂર કરતો જાય એ માટે પ્રતીતિકર પ્રસંગયોજના થઈ છે. જેમકે દીકરી નમિતા પરણીને વિદેશમાં સ્થાયી થઈ છે તેને ત્યાં દીકરીનો જન્મ થાય છે. તેમાં તકલીફ ઊભી થતાં અવનિને તાબડતોબ દીકરી અને દીકરીની દીકરીને સાચવવા ઇંગ્લૅન્ડ ચાલી જવું પડે અને ત્યાં જ તેના પર હૃદયરોગનો હુમલો આવે અને તેનું મૃત્યુ નીપજે વગેરે ઘટમાળ પ્રતીકાત્મક અર્થો ધરાવતી બની રહે છે. સુધાકરનું પોતાનામાં જ (ફક્ત પોતાનામાં જ ? કે આશનામાં પણ ?) ખોવાયેલા રહેવું એ અવનિ માટે જુદી રીતના હૃદયરોગના હુમલા બરાબર જ ગણાય.

અવનિના મૃત્યુથી એકલા પડી ગયેલા સુધાકર અને તેમની ‘પુખ્ત સ્ત્રી’ લાગી રહેલી શિષ્યા આશનાને વારંવાર એકબીજાની નિકટ આવી જતાં દર્શાવાયાં છે. ચીલાચાલુ નવલકથાકાર હોત તો કશુંક ગલગલિયાં કરાવતું આલેખન કરવાનો લોભ રોકી શક્યો ન હોત પણ વીનેશે અહીં ‘એવી’ પરિસ્થિતિનો આવો સસ્તો ઉપયોગ કર્યો નથી. કુંઠિતતા, મૂંઝારાના Victim તરીકે ઉપસાવેલા સુધાકરના પાત્રને છેવટ સુધી એવા જ રાખ્યા છે એમાં પાત્રાલેખનની સુસંગતિ વરતાય છે. ના, એવું નથી કે સુધાકર પોતાની આ કુણ્ઠાઓમાંથી છૂટવા સાવ નિષ્ક્રિય રહે છે. એકથી વધુ ક્ષણો એવી એમને મળે પણ છે જેમાં એ પોતાને અન્ય સમક્ષ વ્યક્ત કરી શકે, પણ Anyhow he remains a dangling man. દ્વિધાત્મકતા તેનો પાત્રવિશેષ છે.

બીજી તરફ આશનાના પિતાજી પણ આવા જ કોઈક અકથ્ય અને અકળ મૂંઝારાને વશ થઈ આત્મહત્યા કરે છે ત્યારે આશના સુધાકરને પૂછે છે, “એ કયો મૂંઝારો હોય છે, સર ?” (પૃ. ૧૧૩) ત્યારે આશનાના આ(વા) પ્રશ્નનો જવાબ આપવાની સ્થિતિમાં સુધાકર નથી કેમકે તેઓ પોતે પણ પોતાના મૂંઝારાને કળી શક્યા / શકતા નથી. વ્યક્તિના પોતાને વિશેના અજાણ્યાપણાનું થીમ અહીં રસપ્રદ બન્યું છે. બીજી ભાષાઓમાં આધુનિક કથાસર્જનો આ પ્રકારનાં સંકુલ સંવેદનોને ઉતારતાં રહ્યાં છે. અહીં પણ વીનેશભાઈએ આવો ઉપક્રમ સેવ્યો હોય એવી અનુમિતિ અસ્થાને નથી.

ખેર. સુધાકર પોતાના જટાજૂટમાંથી મુક્ત થઈ બહાર નીકળી શકતા નથી. તેમના સ્વકેન્દ્રીપણાને વળ ચડાવે એવી ઘટનાઓ આંતરે આંતરે બનતી રહે છે. તેમની દીકરી, તેમનું લોહી નમિતા પણ તેમને ઓળખવા જેમ જેમ પ્રયત્નો કરે છે તેમ તેમ તેઓ વધુ ને વધુ અજાણ્યા બનતા જાય છે એવું જ આશના વિશે પણ બને છે અને અવનિ તો એમાં ને એમાં જ મૃત્યુને વશ પણ થાય છે. ખુદ સુધાકર પોતે પોતાને ઓળખવામાં નિષ્ફળ રહે છે. કેટલાક સંવાદો પણ ચોક્કસ સંદર્ભોને લીધે અર્થબહુલ બની, આસ્વાદ્ય બની રહે છે. જેમ કે પત્નીના મરણ પછી, આશના અને નમિતા સાથે શિવમંદિરે ગયેલા સુધાકરના પ્રસંગમાં શિવલિંગની “પુનઃ પ્રતિષ્ઠા”નો ઉલ્લેખ થાય છે ત્યારે એ “પુનઃ પ્રતિષ્ઠા” સુધાકરના ખાલી જીવનમાં કદાચ આશનાની પણ થઈ / હોઈ શકે એવા સંકેતો કથારસને બળ આપે છે. એ જ રીતે કૌસાનીના પ્રવાસે ગયેલાં સુધાકર-આશના માટે લેખક જ્યારે (પૃ. ૧૭૪) “આશના વધારે ને વધારે નજીક આવતી જતી હતી” જેવો વાક્યપ્રયોગ કરે છે ત્યારે આમ તો તે બહારથી કોટેજ તરફ આવતી આશનાનું સાદુંસીધું વર્ણન જ લાગે પણ સુધાકરની તે સમયની માનસિકતા સંદર્ભે તે વાંચીએ ત્યારે તેમાંનો જુદો અર્થ રસપ્રદ બની રહે.

સુધાકરની વ્યથા કરતાં વાચકને અવનિની વેદના વધુ અપીલ કરે છે. પૃ. ૧૭૮ પર પુરોહિતજીના અવનિ માટેના આ શબ્દો : “એમને મળવાનું થતું ત્યારે લાગતું કે એમનામાંથી કશુંક ઓસરી ગયું છે. ....એ કેન્દ્રમાં રહ્યાં નહોતાં.” અવનિની આ કેન્દ્રચ્યુતતા સુધાકરને પણ પીડે જ છે માટે જ તો તેઓ ખલનાયક નહિ, કૃતિના કથાપ્રપંચના નાયકપદે ટકી રહે છે. સંવેદનશીલ વત્તા ચિંતનશીલ માનવી(ઓ)ની છબી ‘બીજે ક્યાંક’માંથી વાચકને સાંપડે છે એ તેનું મૂલ્ય દર્શાવતી સાહિત્યિક ઘટના છે.